### અરવલ્લી જિલ્લામાં શામળાજી પાસે કરોડોનો ટર્નઓવર ધરાવતી

# વાણિજ્યવેરા કચેરી જીએસટી લાગુ થતાં જ બંધ

## રાજસ્થાનથી ગુજરાતમાં પ્રવેશતા માલસામાન ભરેલ ટ્રકોને ફરજિયાત ટેક્ષના કાગળો બતાવવા પડતા હતા

મોડાસા, તા. ૪

ગુજરાત અને રાજસ્થાનની સરહદે આવેલ અરવલ્લી જીલ્લામાં શામળાજી પાસે આવેલી વાણીજ્ય વેરાની ચેકપોસ્ટ જીએસટીના લાગુ થયા બાદ બંધ થઈ જતા કરોડોનું ટર્નઓવર કરતી ચેકપોસ્ટ હવે ભૂતકાળ બની ગઈ છે.

અરવલ્લી જીલ્લાના શામળાજી પાસે આવેલ વાણીજ્યવેરાની ચેકપોસ્ટ પર રાજસ્થાનથી ગુજરાતમાં પ્રવેશતા ટ્રક ચાલકોને ઉભા રહી ટ્રક અંદર ભરેલ સમાન અને ટેક્ષ અંગેના પ્રમાણપત્રો ફરજીયાત બતાવવા પડતા હતા જેના કારણે ટ્રક ચાલકોને કલાકો અને દિવસો સુધી ચેકપોસ્ટ પર પડ્યા રહેવું પડતું હતું. પંરતુ ૩૦ જુનની રાત્રીએ મોદી સરકારે ઐતિહાસિક ગણાતા જીએસટી કરને લાગુ કરી એક રાષ્ટ્ર એક કર આધારે દેશમાં આર્થીક ક્રાંતિની શરૂઆત કરી જેથી હવે રાજ્યમાં પ્રવેશતી વખતે વસુલાતો વાણીજ્યવેરો પણ જીએસટીમાં સમાવેશ થતા શામળાજી વાણીજ્યવેરાની ચેકપોસ્ટ બંધ થતા હવે ભૂતકાળ બની ગઈ છે.



આ ચેકપોસ્ટ ભૂતકાળમાં ઘણી રીતે વિવાદિત રહી છે. કરોડોના ભ્રષ્ટાચારની પણ સાબિતી રહી છે ત્યારે જીએસટીના લાગુ થવા સાથે સરકારે ભ્રષ્ટાચાર આચરતા કર્મચારીઓની આવક પણ બંધ થઈ ગઈ છે.

શામળાજી પાસેના વાનીજ્ય વેરાની ચેકપોસ્ટ બંધ થવાની સાથે ટ્રક ચાલકોમાં ખુશી છે કારણકે કલાકો અને દિવસો સુધી અધિકારીઓ ધ્વારા થતી મનમાનીનો અંત આવી ગયો છે. અને ટ્રક ચાલકોના જણાવ્યા અનુસાર આ જીએસટીના નિર્ણયને તેઓ આવકારે છે અને આ કારણે સમય અને ડીઝલ બંનેની બચત થશે અને ટ્રકમાં ભરેલ સમાનને ઝડપથી મોકલી શકાશે. ત્યારે જીએસટીનો કાયદો ક્યાક ખુશી તો ક્યાક ગમ લઈને આવ્યો છે.

# મહેસાણામાં હોટલમાં જમવા ગયેલ કલેક્ટર અને સંચાલક વચ્ચે ગરમા ગરમી

મહેસાણા, તા. ૪

મહેસાણા ખાતે હાઈવે પર આવેલ એક હોટલમાં પરિવાર સાથે જમવા માટે ગયેલ જિલ્લા કલેક્ટર અને હોટલ સંચાલક વચ્ચે બોલાચાલી થતા આ ઘટના ભારે ચર્ચાસ્પદ બની છે.

વિગત એવી છે કે મહેસાણા જિલ્લા કલેક્ટર આલોક પાંડે પરિવાર સાથે રાત્રિના સમયે મહેસાણા હાઈવે પર નાગલપુર બસ સ્ટેન્ડ સામે આવેલ સંકલ્પ હોટલમાં જમવા માટે ગયા હતા. જ્યાં જમવા બેસવા વેઈટીંગ બાબતે બોલાચાલી થતા મામલો ગરમાયો હતો. આ ઘટનામાં સામ સામે આક્ષેપો થયા હતા. જેમાં જિલ્લા કલેક્ટર આલોકકુમાર પાંડેએ જણાવ્યું હતું કે અમો ફેમિલી સાથે સંકલ્પમાં જમવા માટે ગયા હતા જ્યાં વરસાદી વાતાવરણ હોવા છતાં હોટલ સંચાલકે અમોને બહાર ઉભા રહેવા કહી અસભ્ય વર્તાવ કર્યો હતો. જ્યારે સામાપક્ષે હોટલ સંચાલકે હોટલમાં વેઈટીંગ હોવાથી થોડા સમય માટે બહાર ઉભા રહેવા કહેતા કલેક્ટરે સત્તાના નશામાં અશોભનીય વર્તન કર્યુ હતુ. આ સામ સામે થયેલ આક્ષેપ પ્રતિ આક્ષેપને લઈને સમગ્ર ઘટના શહેરમાં ભારે ચર્ચાસ્પદ બની છે. હોટલના સીસીટીવી ફૂટેજની તપાસ થાય તો સત્ય હકિકત બહાર આવે તેમ છે.

દરમિયાન જાણવા મળ્યા મુજબ છેલ્લા પાંચેક વર્ષથી સંકલ્પ હોટલ લાયસન્સ વિના ધમધોકાર રીતે ચાલી રહી છે. ભૂતકાળમાં તત્કાલિન મામલતદારે હોટલ ચલાવવામાં કથિત અનિયમિતતાઓને લીધે હોટલને સીલ કરી દીધી હતી. શહેરમાં લાયસન્સ વિના ચાલતી આ હોટલ વિરૂદ્ધ પોલીસ તેમજ વહિવટીતંત્ર દ્વારા કેમ કોઈ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી નથી તે અંગે લોકોમાં તરેહતરેહની વાતો ચર્ચાય છે.

# અંબાજીમાં બિનવારસી નવજાત શીશુ મળી આવતાં ભારે ચકચાર



પાલનપુર, તા.૪

યાત્રાધામ અંબાજી માં આજે વહેલી સવારે એક બિનવારસી નવજાતશીશુ મળી આવતાં સમગ્ર પંથક માં ભારે ચકચાર મચી જવા પામી છે. અંબાજી નાં કૈલાસ ટેકરી મહાદેવજી નાં મંદિર માં એક મોટી તસ્વીર પાછળ કોઈ અજાણ્યા સખ્સો ૧૫ દિવસ નાં જીવીત નવજાત શીશુ ને કપડાં માં વીટી મુકી જતા રહેલ જ્યારે બાળક નાં રડવાની અવાજ પુજારી ને આવતાં પુજારી પણ ચોકી ઉઠ્યાં હતા ને અવાજ ને શોધતાં આ તસ્વીર ની પાછળ જોતા કપડુ હલતુ જોવા મળતાં તપાસ કરી તો તેમાં એક નવજાત શીશુ વિંટાળેલું રડતી હાલત માં જોતા આશ્ચય નજક પામેલા કૈલાસ ટેકરી મહાદેવ નાં પુજારી ભુરાભાઈ એ તાત્કાલીક અંબાજી પોલીસ ને ૧૦૮ એમ્બ્યુલન્સ વાન ને ફોન થી જાણ કરી હતી. ને ત્યાર સુધી દર્શનાર્થે આવેલ નિવૃત નર્સ મધુબેન સોની ને આ બાબત ને જાણ કરતાં નિવૃત નર્શે આ બાળક ને ઠંડક માંથી ઉપાડી બીંજાયેલાં કપડાં નાખી દઈ બીજા કપડાં ઓઢાડ્યાં હતા ને બકરી નું દુધ મંગાવી આ બાળક ને દુધ નું રસપાન કરાવ્યુ હતુ. જ્યારે અંબાજી પોલીસ ને ૧૦૮ ઘટના સ્થળે પહોંચી બાળક નો કબજો લઈ બાળક ને અંબાજી ની કોટેજ હોસ્પીટલ માં મોકલી આગળ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ને આ બાળક ને મુકી ગયેલાં સખ્સો સામે ભારોભાર ફિટકાર વરસાવવામાં આવી રહ્યુ છે.

# પાલનપુરના ગાદલવાડામાં ભારે વરસાદથી તળાવ ભરાઈ જતા ત્રણ કપિરાજ ત્રણ દિવસથી ફસાયા

પાલનપુર, તા. ૪

બનાસકાંઠા જીલ્લામાં પડેલા અતિ ભારે વરસાદના લીધે ગામના તળાવો પાણીથી ભરાઈ ગયા છે. જો કે પાલનપુર તાલુકાના ગાદલવાડા ગામના તળાવમાં પાણી ભરાઈ જવાના લીધે તળાવની વચ્ચે આવેલ ઝાડ પર ત્રણ દિવસથી ત્રણ કપિરાજ ફસાઈ ગયા છે તળાવમાં ઊંડું પાણી હોવાથી ફસાયેલા ત્રણ કપિરાજને નીકળવું મુશ્કેલ બની ગયું છે ગામના લોકોને આ વાતની જાણ થતા વનવિભાગને કરી હતી. આજે વન વિભાગની ટીમ ઘટનાસ્થળે પહોચી રેસ્ક્યુ ઓપરેશન હાથ ધર્યું હતું.

જો કે ત્રણ કપિરાજને ઝાડ પરથી ઉતરાવામાં સફળતા મળી ન હતી. ગામલોકો અને વનવિભાગ નાવમાં બેસીનેને કલાકો સુધી પાણીમાં રેસ્ક્યુ ઓપરેશન કર્યું હતુ પરંતુ ત્રણ કપિરાજ લોકોનાથી ભયભીત થઈ ઝાડની ઊંચાઈ પર જતા રહ્યા હતા હાલમાં વનવિભાગે એક ઝાડથી બીજા ઝાડ પર રસ્સી બાંધી કપિરાજને બહાર નીકળવા માટે વ્યવસ્થા કરી છે. આ ઘટનાને જોવા ગામના લોકો મોટી સંખ્યામાં ગામમાં તળાવ પર એકત્ર થઈ ગયા હતા.

વનવિભાગનુ માનવું છે કે ત્રણ વાંદરો બાંધેલી રસીથી અન્ય ઝાડ પર જવાની કોશીસ કરશે અને અગાઉ પણ સિદ્ધપુર પણ આવી ઘટના બનેલી હતી જેમાં આજ રીતે કપિરાજને રસ્સી વડે બચવામાં આવ્યા હતા જો કે હાલમાં તળાવના ઊંડા પાણી જોખમ વચ્ચે ત્રણ કપિરાજ ઝાડ પર જીવ બચાવીને બેઠા છે.



સાબરકાંઠા જીલ્લા પંચાયત ખાતે છેલ્લા ૩ વર્ષથી નાયબ જીલ્લા વિકાસ અધિકારીશ્રી તરીકે ફરજ બજાવતા શ્રી રાજેશ કુચારા ની અમદાવાદ જીલ્લા પંચાયત ખાતે નાયબ જીલ્લા વિકાસ અધિકારીશ્રી તરીકે બદલી થતા જીલ્લા પંચાયત પરિવાર વતી તેઓશ્રીને ભાવસભર વિદાયમાન આપવામાં આવેલ. આ પ્રસંગે જીલ્લા પંચાયત પ્રમુખશ્રી રાજેન્દ્રસિંહ કુંપાવત, કારોબારી સમિતિ ચેરમેનશ્રી હર્ષદભાઈ પટેલ, જીલ્લા વિકાસ અધિકારીશ્રી હર્ષ વ્યાસ જીલ્લા પંચાયત નાં સદસ્યશ્રીઓ અને જીલ્લા પંચાયત નાં શાખા અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહેલ.

# ઊંઝામાં યુવાનના અપહરણ અને ઘાતક હુમલાની ફરિયાદ

ઊંઝા, તા. ૪

ઊંઝા શહેરના ગાંધીચોક વિસ્તારમાં મોડી સાંજના સમયે એક યુવાનનુ ગામના જ કેટલાક શખ્સોએ અપહરણ કરી નજીકના એક થિયેટર પાસેની ગલીમાં લઈ જઈ અપશબ્દો બોલી તેની પર ઘાતક હથિયારો વડે હુમલો કરી શરીરે ગંભીર ઈજાઓ પહોંચાડી હોવાનો ચોંકાવનારો બનાવ બનતાં ભારે ચકચાર મચી છે.

વિગત એવી છે કે ઊંઝા ખાતે બહારમાઢ વિસ્તારમાં રહેતા પટેલ યોગેશકુમાર વિષ્ણુભાઈ મોડી સાંજના સમયે શહેરના ગાંધીચોક વિસ્તારમાં આવ્યા હતા ત્યારે પાલિકા કચેરી આગળ ગેરકાયદેસર મંડળી રચી હાથમાં ઘાતક હથિયારો ધારણ કરીને આવેલા બે શખ્સોએ અચાનક યોગેશને પકડીને તેનુ અપહરણ કરી નજીકના કૃષ્ણ થિયેટરની પાસે આવેલ ગલીમાં લઈ ગયા હતા. જ્યાં તેને અપશબ્દો બોલી તેની પર ઘાતક હથિયારો વડે હુમલો કર્યો હતો. જેથી યુવાનના શરીરે ગંભીર ઈજાઓ થઈ હતી. ઈજાગ્રસ્ત યુવાનને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયો હતો. હુમલાનો ભોગ બનેલ યુવાન વિરૂદ્ધ અગાઉ ગુનો નોંધાયો હતો. જે જેલમાંથી છુટીને ઘેર આવી બજારમાં ગયો હતો ત્યારે અગાઉની અદાવતે તેની પર આ હુમલો થયો હોવાનુ કહેવાય છે.

ઉપરોક્ત બનાવ અંગે ઊંઝા પોલીસે છ શખ્સો વિરૂદ્ધ અપહરણ, હુલ્લડ અને ખૂનની કોશિશનો ગુનો દાખલ કરી વધુ તપાસ આરંભી છે. આ ગુનામાં આરોપીઓ તરીકે પટેલ નિશીત ચંદ્રકાન્તભાઈ, પટેલ ઋત્વિક પ્રહલાદભાઈ, પ્રજાપતિ રાકેશ રતિલાલ ઉર્ફે સત્યો, પટેલ અમિત સુરેશભાઈ પટેલ, કૌટીલ્ય દશરથભાઈ પટેલ ઉર્ફે હાંડી અને પટેલ પિયુષ વિષ્ણુભાઈ તમામ રહે. ઊંઝાનો ઉલ્લેખ કરાયેલ છે. આમાં નિશીત પટેલ ઊંઝા શહેર યુવા ભાજપનો પ્રમુખ છે.

ઊંઝા શહેરમાં છેલ્લા ઘણા વખતથી બે જૂથોના માણસો વચ્ચે અવારનવાર સામ સામે લડાઈ ઝઘડાઓ થઈ રહ્યા છે. આ લડાઈ આગળ ઉપર ઉગ્રસ્વરૂપ ધારણ કરે તેવી દહેશત ફેલાઈ છે. શહેરમાં થતી ગંભીર પ્રકારની ઘટનાઓને કારણે જાહેર સુલેહ શાંતિનો ભંગ થાય છે. અને શાંત વાતાવરણ ડહોળાય છે. પરિણામે તંગદિલીભર્યુ વાતાવરણ પેદા થાય છે. શહેરમાં થતા હુલ્લડ, અપહરણ, જીવલેણ હુમલાઓને અટકાવવામાં સ્થાનિક પોલીસતંત્ર સાવ નિષ્ફળ નિવડ્યું છે. બંને જૂથોની લડાઈમાં અત્યાર સુધીમાં લગભગ સાતથી આઠ ગંભીર પ્રકારના ગુનાઓ નોંધાયા છે. જેમાં કેટલાક ગુનાઓમાં સંડોવાયેલ આરોપીઓ પૈકી કેટલાક આરોપીઓ હજી સુધી પોલીસ પકડથી દૂર રહ્યા છે.

# ક્ષત્રિય ઠાકોર સેના દ્વારા ખેડુતોના દેવા માફ કરવા સંદર્ભે ભિલોડા મામલતદારને આવેદનપત્ર અપાયું

ભિલોડા,તા.૩

અરવલ્લી જીલ્લાના ભિલોડા



ક્ષત્રિય ઠાકોર સેના ધ્વારા ખેડુતોના દેવા માફ કરવા સંદર્ભે ભિલોડા મામલતદાર જી.કે.પટેલને ક્ષત્રિય ઠાકોર સેનાના આગેવાનો ધ્વારા આવેદન પત્ર અપાયું હતું.

ક્ષત્રિય ઠાકોર સેના અરવલ્લી જીલ્લા પ્રમુખ સંજયજી ઠાકોર અને ક્ષત્રિય ઠાકોર સેના ભિલોડા તાલુકા પ્રમુખ મગનભાઈ ઠાકોર, નરેશભાઈ ઠાકોર સહિત ક્ષત્રિય ઠાકોર સમાજના આગેવાનોએ જણાવ્યું હતું કે ખેડુતો અનેક સમસ્યાઓનો સામનો કરી રહ્યા છે.ગ્રામ્ય વિસ્તારોમાં સિંચાઈ માટે પુરતા પ્રમાણમાં પાણી મળતું નથી.પાકનો યોગ્ય પોષણક્ષમ બજાર ભાવ મળતો નથી ત્યારે ખેડુતો આર્થિક મુશ્કેલી સહન કરતા હોય છે. વીજળી પણ સમયસર મળતી નથી ત્યારે ખેડુતો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે.રાજ્ય સરકાર ધ્વારા તા.૭/૭/૨૦૧૭ સુધીમાં ખેડુતોના દેવા માફ નહી કરવામાં આવે તો તા.૮/૭/૨૦૧૭ થી ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેના પ્રમુખ અલ્પેશજી ઠાકોરની આગેવાની હેઠળ ભુખ હડતાલ ઉપર ઉતરવાની ચીમકી ઉચ્ચારી હતી.

# પાલનપુર સીટી સર્વે કચેરીમાં પાટણ એસીબીની રેડ

### શિરસ્તેદાર અને મેન્ટેનન્સ સર્વેયર છ હજારની લાંચ લેતા ઝડપાયા

પાલનપુર સિટીસર્વે કચેરી મા પાટણ એસીબીના ઓપરેશનમા કચેરીના મેન્ટેનન્સ સર્વેયર અને શિરસ્તેદાર રંગે હાથે ઝડપાયા હતા. પ્રોપર્ટી કાર્ડની નકલ આપવા છ હજારની લાંચ માંગી હતી. ફરિયાદીએ પાટણ એસીબીમા ફરિયાદ કરતા એસીબીએ બે લાચીયા કર્મીઓને રંગે હાથ ઝડપી કાર્યવાહી હાથ ધરી હતી.

પાલનપુર સિટીસર્વે કચેરીમા ફરજ બજાવતા અબ્દુલ સતાર હાજી ઈબ્રાહિમભાઈ શેખ દ્વારા ફરિયાદી પાસેથી પ્રોપર્ટી કાર્ડની નકલ આપવા છ હજારની લાંચની માગણી કરાઈ હતી. છ થી સાત મહિના પ્રોપર્ટી કાર્ડની નકલ માટે ધક્કા ખાઈ ચૂકેલા ફરિયાદીએ પાટણ એસીબીમા ફરિયાદ કરતા પાટણ એસીબી અને ટીમે પાલનપુર સીટી સર્વે કચેરી ખાતે છટકું ગોઠવી પ્રોપર્ટી કાર્ડ ની નકલ માટે છ હજારની લાંચ લેતા રંગે હાથે સીટી સર્વેના મેઈન્ટેનન્સ સર્વેયર મુકેશભાઈ મણિલાલ પટેલ ને રંગે હાથે ઝડપી લીધા હતા. એસીબીની તપાસમા કચેરી ના શિરસ્તેદાર અબ્દુલ સતાર હાજી ઈબ્રાહિમભાઈ શેખના કહેવાથી મેન્ટેનન્સ સર્વેયર મુકેશ ભાઈ પટેલે છ હજારની લાંચ લેવાનું કબુલ્યું હતું. છ હજારની લાંચ લેતા સીટી સર્વે પાલનપુરના બે કર્મીઓ વિરુદ્ધ લાંચ રૂશ્વત વિરોધી ગુનો દાખલ કરી કાર્યવાહી હાથ ધરી હતી.

### પાલનપુરમાં સોનાં દાગીના ધોવાના બહાને

# છેતરપિંડી કરનાર બે બિહારીઓને નાગરિકોએ મેથીપાક ચખાડ્યો



પાલનપુર, તા.૪

સોનાના દાગીના ધોવા નામે મહિલા સાથે છેતરપીંડી કરનાર બે બિહારી શખ્સોને ખેડૂતોએ પોલીસના હવાલે કરી દઈ સમજદારીનું ઉદાહરણ પૂરું પાડ્યું છે. પાલનપુર તાલુકા ના ભુતેડી ગામમાં આજ સવારે બે બિહારી શખ્સ સોનું પડાવી લેવાના ઈરાદે ગામ ના જીવાભાઈ પટેલના ખેતરમાં પહોચ્યા હતા જ્યાં ખેતરમાં કામ કરતી મહિલાને સોનાની ચેન ધોઈને ચકચકાટ કરીને આપવાની વાત કરતા મહિલાએ ૩૦ ગ્રામ સોનાની ચેન બે બિહારીઓને આપી દીધી હતી, તે દરમિયાન ખેતર માલિક જીવાભાઈ પટેલ સમય સર આવી જતા આ બે બિહારીઓ પર શંકા જતા તેમને બન્નેને પોતાની બાઈક પર બેસાડીને ગામના સોની ત્યાં લઈ ગયા હતા જ્યાં ૩૦ ગ્રામ સોનાની ચેનનું વજન ૧૨ ગ્રામ થઈ ગયું હતું. એકત્ર થયેલા ગામલોકોએ પૂછપરછ કરતા તેમના ખિસ્સામાંથી બિહારનું ચુંટણી કાર્ડ મળી આવ્યા હતા. આ બન્ને શખ્સો સોનું પડાવી લેવાન ઈરાદે ગામ આવ્યા હોવાનું માલુમ પડતા ગામના લોકોએ બિહારીઓને બરાબર મેથીપાક આપ્યા બાદ પોલીસને જાણ કરી હતી. આ ઘટનાની જાણ થતા પાલનપુર તાલુકા પોલીસ ભુતેડી ગામ જઈ બન્ને બિહારીઓને પકડી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી.

# પાટણવાડા રોહિત સમાજ દ્વારા બેચરાજી ખાતે સન્માન સમારંભ યોજાયો

મહેસાણા, તા. ૪

પાટણવાડા રોહિત સમાજ દ્વારા બેચરાજી ખાતે સમાજના નવનિયુક્ત સરપંચો અને નવનિયુકત કર્મચારીઓ અને અધિકારીઓનો સન્માન સમારોહનું આયોજન કરાયું હતું. આ કાર્યક્રમમાં સામાજિક ન્યાય અધિકારીતા મંત્રી આત્મારામ પરમાર ઉપસ્થિત રહ્યા હતા.



સન્માન સમારોહ કાર્યક્રમમાં ઉપસ્થિત મંત્રી આત્મારામ પરમારે જણાવ્યું હતું કે દરેક સમાજના વિકાસમાં શિક્ષણ અવિભાજ્ય અંગે છે. સમાજનો વિકાસ શિક્ષણ વિના થઈ શકતો નથી. મંત્રીએ જણાવ્યું હતું કે ડો. બાબા સાહેબના સન્માન માટે સરકાર કટિબધ્ધ બની છે.

મંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે રાજ્ય સરકાર પારદર્શિતા, સંવેદનશીલતા, નિર્ણાયકતા અને પ્રગતિશીલના પાયા પર કામ કરી રહી છે. ગરીબો અને છેવાડાના માનવીનો વિકાસ તેમજ જરૂરીયાત પુરી થાય તે માટે સતત કામ થઈ રહ્યું છે. રાજ્યમાં અંદાજે ૭૦ હજારની નવી સરકારી નોકરીઓમાં ભરતી થઈ છે જે તમામ મેરીટના ધોરણે અને પારદર્શીતાથી કરવામાં આવી છે.

કાર્યક્રમ દરમિયાન મંત્રીએ નવનિયુક્ત સરચંચો, અધિકારીઓ અને કર્મચારીઓનું સ્વાગત કરી પ્રોત્સાહિત કર્યા હતા. મંત્રીનું સ્વાગત ફુલહાર, મોમેન્ટો અને મોઢેરાની પ્રતિકૃતિથી કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં સમાજના અગ્રણીઓ, અધિકારીઓ, પદાધિકારીઓ, પ્રબુધ્ધ નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

# પ્રાંતિજના મોરવાડની દિકરીને સાસરીયાવાળાના ત્રાસની ફરિયાદ

પ્રાંતિજ, તા. ૪

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ તાલુકાના મોરવાડની દિકરીને તેના સાસરીયાવાળા શારીરિક-માનસિક ત્રાસ સાથે પૈસાની માંગણી કરતાં ત્રણ વિરૂધ્ધ પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં પોલીસ ફરીયાદ થઈ છે.

પ્રાંતિજ પોલીસસ્ટેશન ઉપરથી મળતી માહિતી મુજબ પ્રાંતિજના મોરવાડ ગામની દિકરીને અમદાવાદના બાવળા ખાતે રહેતા વિજયસિંહ દાદુસિંહ સોલંકી સાથે પરણાવી હતી જયાં તેના પતિને તેના જેઠ તથા જેઠાણી અવાર-નવાર ચઢામણી કરતા હતા અને જેને લઈને તેના પતિ અવાર-નવાર ગાળો બોલી શારીરીક તેમજ માનસિક ત્રાસ આપતા હતા અને તારે જુદુ રહેવું હોય તો તારા બાપના ઘરેથી ૫૦,૦૦૦ લઈને આવ તેમ કહીને દહેજની માંગણી કરી ઘરમાથી કાઢી મુકતા શિતલબા દેવેન્દ્રસિંહ શિવસિંહ પરમાર દ્વારા પોતાના પિતાના ઘરે મોરવાડ આવી પ્રાંતિજ પોલીસસ્ટેશનમાં પતિ વિજયસિંહ દાદુસિંહ સોલંકી, જેઠ ધનશ્યામસિંહ દાદુસિંહ સોલંકી, જેઠાણી સોનલબા ધનશ્યામસિંહ સોલંકી, તમામ રહે. બાવળા કૈલાસપાર્ક સોસાયટી એસ.એમ. પટેલ સ્કૂલની સામે એમ ત્રણ વિરૂધ્ધ પોલીસ ફરીયાદ કરતાં પ્રાંતિજ પોલીસે આઈપીસી કલમ-૪૯૮(ક) ૫૦૪, ૧૧૪ મુજબ દહેજ પ્રતિબંધીક ધારા ક-૩,૭ મુજબ ગુનો નોધી આગળની તપાસ હાથ ધરી છે.